

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દોષ નથી તો ઘેર-ઘેર કેમ ભટકવું પડે છે ?*
*અને વિદ્યાર્થીઓ પર કેમ ત્રાટકવું પડે છે ?*
*અટકવું પડે એવું કૈંક કાયદામાં છે જરૂર -*
*કોમી-સસ્તા શ્રીફળના લોભે લટકવું પડે છે*
*(નાગરિકત્વનો કાયદો ગળામાં ફસાયો ?!)*

**હાઈકુ**

*બહુમતિથી -*
*કોઈ, કહી ન શકે -*
*વાઘ ને ગાય...*
*(નમશું નહીં - એક ઈંચ પણ)*

*કોઈક વાર*
*આત્મદર્શન પણ*
*કરો તો ખરા!!*
*(માત્ર દોષારોપણ નહીં)*

### ચિંતન

*સબબિધિ સોચિરન પર અપકારી, નિજ તનુ પોષક નિરદય ભારી,*
*સોચનીય સબહીં બિધિ સોઈ, જો ન છાડિ છલુ હરિજન હોઈ*

ઉપરોક્ત ચોપાઈ 'રામાયણ'માંથી લેવામાં આવેલ છે.

અપકારી હોય, પોતાના શરીરનો જ પોષક અને અતિશય ઘાતક હોય તેનો સર્વ પ્રકારે શોક કરવો. જે છળ છોડીને ભગવાનને ભક્ત ન થયો હોય તેનો પણ સર્વપ્રકારે શોક કરવો.

ઘણા લોકો અસત્યનું આચરણ કરી સાત પેઢી ચાલે એટલું ધન અર્જિત કરે છે એમાંથી દાન-પુણ્ય કે કોઈ જરૂરિયાત મંદ ને મદદ પણ નથી કરતો એવા પેટ ભરૂ પોતાનાં જ ભૌતિક સુખો વિચાર કરે છે. એ અધમ છે તેવા લોકોથી દૂર રહેવું.

પરોપકારી - સેવાભાવી લોકો જ હરિના જન - ભક્ત - સજ્જન કહેવાય.

### સુવિચાર

- જેમનો ઉદ્દેશ માત્ર પેટ ભરવાનો છે એવા તેઓ માંસના લોચા બરાબર છે - **બાણભટ્ટ**
- વિસ્મય સર્વ દર્શનોનો પાયો છે - **મિશેલ મોન્તેન**
- વિપત્તિ વિના માણસને પોતાના બળની ખબર પડતી નથી - **બેન જહોન્સન**
- હકનું બીજ ફરજ છે - **ગાંધીજી**
- જે આપણને બ્રહ્મચર્યનો પૂરો ને બરોબર અર્થ બ્રહ્મની શોધ છે - **જ્ઞાનદેવ**
- નિષ્ફળ થવું ગુનો નથી, નિરુત્સાહ થવું ગુનો છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ - રાત્રે સૂતા પહેલા રાઈના તેલને નવશેકા ગરમ કરી રૂમાં બે ટીપા નાખી કાનમાં મુકી રાખવાથી શરદી સળેખમાં તરત ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગરીબ છોકરો હતો. ગરીબાઈ ઘણી કે સાંજે તો ભાગ્યે જ જમવાનું મળે. ઘરમાં લાઈટ પણ નહિં. છોકરાને ટી.વી. જોવાનો બહુ શોખ. આખા મહોલ્લામાં એક જ ઘરે ટીવી હતું. પણ જે સજ્જનને ત્યાં ટીવી હતું તે જરા વિચિત્ર સ્વભાવના હતા. જો એમનો મિજાજ સારો હોય તો બધાને ટીવી જોવા આવવા દે. જો મિજાજ ખરાબ હોય તો બારણું જ ન ખોલે. એ જમાનામાં દૂરદર્શન પર અડધી ફિલ્મ શનિવારે અને બાકીની અડધી રવિવારે એવી રીતે બતાવવામાં આવતી. છોકરાએ શનિવારે ટીવી પર અડધી ફિલ્મ જોઈ અને બીજે દિવસે રવિવારે ફિલ્મ શરૂ થવાના સમયે તે છોકરો પડોશીને ત્યાં ગયો. પણ પડોશી એ દરવાજો જ ન ખોલ્યો. આંખોમાં આંસુ સાથે છોકરો ઘરે ગયો. માતાએ પૂછ્યું, 'શું થયું?' છોકરાએ કહ્યું, 'ગઈ કાલે ટી.વી. પર અડધી ફિલ્મ જોઈ હતી. આજે એ ફિલ્મનો અડધો ભાગ જોવાનું ખૂબ મન હતું પણ આપણા પડોશીએ દરવાજો જ ન ખોલ્યો.' માતાએ કહ્યું, 'બેટા, બીજાના ઘરે કોઈ ત્રીજાને ટી.વી. પર જોવા તું દોડી જાય છે અને જાકારો મળે તો ખૂબ દુઃખી થાય છે... તેના કરતાં તું કંઈ એવું કર ને કે બધા તને ટીવી પર જુએ !!' માતાની ટકોર અને પડોશીનો એક જાકારો... છોકરાની માટે સફળતાની ચાવી સાબિત થયા. તેણે ખૂબ મહેનત કરી. તે સફળ ટીવી પત્રકાર બન્યો. આ છોકરો એટલે ''આપણી અદાલત'' કાર્યક્રમના સફળ સંચાલક - રજન શર્મા.

# માઘસ્નાનનો મહિમા કરીએ - વિજ્ઞાનને વીસરીએ નહીં

**તંત્રીસ્થાનેથી...**

આમ તો શ્રીકૃષ્ણે એમના વ્યાપક સ્વરુપનો પરિચય આપતાં પોતે મહિનાઓમાં માગશર માસ છે, એવું કહી માગશરનો મહિમા કર્યો છે, પરંતુ શાસ્ત્રોમાં અને આયુર્વેદમાં માઘસ્નાનનો મહિમા છે. અત્યારે હજી પોષ મહિનાનું પહેલું પખવાડિયું ચાલે છે, પણ ચૈત્રી પંચાંગ અનુસાર તો પૂર્ણિમાએ માસ પૂરો થાય એટલે માઘ બેસી જ રહ્યો છે. ગુરુકુળોમાં નાનાં બાળકોને રાતે ઠંડા માટલામાં ભરી રાખેલા થીજવી નાખે એવા પાણીથી સ્નાન કરાવવાનો રિવાજ છે. જ્યાં નજીકમાં નદી કે સરોવર હોય ત્યાં આવા બટુકોને બ્રાહ્મમુહૂર્તમાં, સૂર્યોદય પૂર્વે એના શીતળ જળમાં ડૂબકીઓ ખવડાવવાની પરંપરા છેક ઉપનિષદકાળથી ચાલી આવે છે. એથી બાળકોની પ્રતિકાર ક્ષમતા ઉપરાંત મેધા વધતી હોવાની માન્યતામાં જરૂર તથ્ય હોઈ શકે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં મુકાઈ જતાં માનવ શરીર આપોઆપ પડકાર ઝીલવા સજ્જ બની જાય છે. એથી છેક બાલ્યાવસ્થાથી આ પ્રકારની શૉક ટ્રીટમેન્ટ આપી બાળકોને ભવિષ્યમાં આવી પડનાર વિષમ સંજોગોમાં ટકી રહેવાની ક્ષમતા પ્રદાન કરવાની શુભાશયથી જ આ પ્રથા કે પરંપરા શરૂ થઈ હશે. પરંતુ આધુનિક તબીબી વિજ્ઞાન આવાં જોખમો લેવાથી અળગા રહેવાની સલાહ આપે છે. એકાએક ઓછા તાપમાનવાળા પાણીમાં ખાબકવાથી વાસો-વેગલ રિએક્શન આવી શકે, 'શૉક' આવી જાય, બેભાન થઈ જવાય, એવી પરિસ્થિતિમાં લોહીનું પરિભ્રમણ એ હદે વિકૃત બની જાય કે મૃત્યુ પણ થઈ શકે. આવી પરિસ્થિતિ ટાળવા માટે માઘસ્નાન સામે આધુનિક તબીબી વિજ્ઞાન લાલબત્તી ધરે છે. સંસ્કૃતિના વિકાસ સાથે પ્રકૃતિનું અનુસંધાન તૂટતું જાય છે. તબીબોએ ધરેલી લાલબત્તીને ગંભીરતાથી લેવી જોઈએ, સાથે જ 'માઘસ્નાન'થી બાળકની તેજસ્વિતા અને પ્રતિકૂળ પરિસ્થિતિ સામે ઝઝૂમવાની ક્ષમતા - 'પ્રતિકાર શક્તિ' વધે છે, એનો પણ ઈનકાર ન જ કરીએ. આવું જ એક બીજી દિશાનું સત્ય : આપણી માતૃભાષાનો ભરપૂર મહિમા કરીએ પરંતુ આખા દેશને એક સૂત્રમાં બાંધનાર હિંદી, જેને મહાત્મા ગાંધી તો 'રાષ્ટ્રભાષા' નો દરજ્જો આપતા રહ્યા, એને પણ ન વીસરીએ. આંતરરાષ્ટ્રીય હિંદી દિવસે આ લખાઈ રહ્યું છે ત્યારે અફસોસ એ વાતનો છે કે હિંદીતર પ્રદેશોમાં ભાગ્યે જ કોઈને હિંદી દિવસ ઊજવવામાં રસ રહ્યો છે.

# બકરા ખુદ કસાઈ કે સામને જાકર કથ્થક કરને લગા... તો ઉસે કૌન બચા સકતા હૈ?



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**બકરા ખુદ કસાઈ કે સામને જાકર કથ્થક કરને લગા... તો ઉસે કૌન બચા સકતા હૈ?**

**- મોહરા**

૧૯૯૪માં આવેલી આ ફિલ્મ તે વર્ષની સૌથી સફળતમ ફિલ્મોમાંની એક હતી, રાજીવ રાયના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં અક્ષયકુમાર, સુનિલ શેટ્ટી, રવિના ટંડન, નસિરુદ્દીન શાહ, પરેશ રાવલ જેવા ધરખમ કલાકારોનો મેળાવડો હતો. પહેલાં આ ફિલ્મમાં દિવ્યા ભારતીએ પાંચ દિવસનું શૂટીંગ પણ કર્યું હતું., પરંતુ અચાનક તેના મૃત્યુ પછી તે રોલ રવિના ટંડને નિભાવ્યો હતો અને તે સમગ્ર દેશમાં 'મસ્ત મસ્ત ગર્લ' તરીકે પ્રખ્યાત થઈ ગઈ હતી. આ ફિલ્મનાં સંવાદ દિલીપ શુક્લાએ લખ્યા હતા. ફિલ્મમાં આ સંવાદ સદાશિવ અમરાપુરકર દ્વારા બોલાવવામાં આવ્યો છે.

આ ફિલ્મ ૧૯૮૭માં આવેલી હોલિવુડ ફિલ્મ 'ડેથ વિશ-૪'થી પ્રેરિત હતી. આ ફિલ્મનું સંગીત એટલું પ્રચલિત થયું હતુ કે આ જ વર્ષે રીલિઝ થયેલી 'હમ આપકે હૈ કૌન' જેવી બ્લોક બસ્ટર ફિલ્મનાં સંગીત પછી દ્વિતીય ક્રમે 'મોહરા' ફિલ્મનાં ગીતોએ બધાને ડોલાવ્યા હતાં.

'વાલ્મીકિ રામાયણ'માં આવી જ અર્થચ્છાયાવાળી એક પંક્તિ મળી આવે છે.

**પરીતકાલા હિ ગતાયુષો નરા હિતં ન ગૃહણન્તિ સુહ્રિદ્ધિરીરિતમ્ । ૬.૧૬.૨૬**

- જે લોકોનુ આયુષ્ય સમાપ્ત થવા આવ્યું હોય અને જેમના માથે કાળ નાચતો હોય તે મિત્રો દ્વારા કહેવાયેલા હિતકારી વચનોને નથી સાંભળતા.

રામાયણ એ ભારતીય સંસ્કૃતિનો ઐતિહાસિક ગ્રંથ છે. વાલ્મિકીએ મૂળ સંસ્કૃતમાં આ ગ્રંથની રચના કરી હતી. તારા અને નક્ષત્રોનાં સ્થાન મુજબ ગણતરી કરતા રામાયણનો કાળ આશરે ૫૦૪૧ ઈ.સ.પૂર્વે ગણાય છે.રામાયણ એટલે રામ + અયણ = રામની પ્રગતિ કે રામની મુસાફરી.વાલ્મિકી રામાયણમાં ૨૪,૦૦૦ શ્લોકો છે. રામાયણ મૂળ ૬ કાંડોમાં વહેંચાયેલું છે. ૧.બાલકાંડ ૨.અયોધ્યાકાંડ ૩.અરણ્યકાંડ ૪.કિષ્કિંધાકાંડ ૫.સુંદરકાંડ ૬.યુદ્ધકાંડ – લંકાકાંડ હિંદુ ધર્મનાં બે મહાન ઐતિહાસિક ગ્રંથોમાં રામાયણની ગણના થાય છે. પરંતુ રામાયણ ફક્ત હિંદુ ધર્મ કે આજના ભારત દેશ પુરતો મર્યાદિત ન રહેતા ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ, કમ્બોડીયા,

ફીલીપાઈન્સ, વિયેતનામ વગેરે દેશોમાં પણ પ્રચલિત છે. ભારતીય લોકોની જીવનશૈલી, સમાજ જીવન અને કુટુંબસંસ્થા પર રામાયણ નો બહુ મોટો પ્રભાવ છે. દરેક પતિ-પત્નીને રામ-સીતા સાથે, પુત્રને રામ સાથે, ભાઈને લક્ષ્મણ કે ભરત સાથે અને મિત્રને સુગ્રીવ સાથે સરખાવવામાં આવે છે. રામને આદર્શ રાજા માનવામાં આવે છે. રામાયણનું દરેક પાત્ર સમાજ માટે આદર્શપાત્ર બની રહે છે

એક દિવસ વાલ્મિકી તમસા નદીમાં સ્નાન કરતા હતા, ત્યારે એક પારધીને સારસ પક્ષીના જોડલાને હણતો જોયો. સારસ પક્ષી વિંધાઈને પડ્યું અને આ જોઈ ઋષિ વાલ્મિકીના મુખમાંથી કરુણાને લીધે એક શ્લોક સરી પડ્યો.

**મા નિષાદ પ્રતિષ્ટાં ત્વમગમઃ શાશ્વતીઃ સમાઃ ।**
**યત્ ક્રૌંચમિથુનાદેકમવધીઃ કામમોહિતમ્ ॥**

હે નિષાદ ! તને પ્રતિષ્ઠા, આદર-સત્કાર, માન, મર્યાદા, ગૌરવ, પ્રસિદ્ધિ, ખ્યાતિ, યશ, કીર્તિ, સ્થિતિ, સ્થાન, સ્થાપના, રહેવાનું, આશ્રય ઈત્યાદિ નિત્ય-નિરંતર કદી પણ ન મળે, કારણ કે તે આ કામક્રીડામાં મગ્ન ક્રૌંચ /કૂજ પક્ષિઓમાંથી એકની વિના કોઈ અપરાધ હત્યા કરી દીધી છે.

આ પ્રસંગ બતાવે છે એક લુંટારામાંથી ઋષિ થયેલા વાલ્મિકી નું હ્રદય પરિવર્તન. આ પ્રસંગે વાલ્મિકીને એ વાતનો ખેદ થયો કે પોતે ઋષિ હોવા છતા એક પારધી ને શાપ આપ્યો અને એક નવા શ્લોકની રચના અનુષ્ટુપ છંદમાં થઈ તે વાતની ખુશી થઈ.

- jayuoza@gmail.com
Mo.9898046488

## રવિવારે સાહિત્યસભાનો દ્વારા વાર્તા સંગ્રહનો પોંખવાનો કાર્યક્રમ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● વિસરાતી ગરવી ગુજરાતી ભાષામાં લોકો રસ કેળવે અને માતૃભાષાનો વ્યાપ વધે અને તેમાં સાહિત્ય રસિકો વધુ ને વધુ ખેડાણ કરી, માતૃભાષાને સદાય ધબકતી, મધમધતી - મહેંકતી રાખે તે હેતુસર, ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજવામાં આવતા અવનવા કાર્યક્રમો અંતર્ગત, 'નવોન્મેષી' વાર્તાસર્જક ડૉ. અનિલ ચૌહાણના શબ્દોનાં ઓવારણા પ્રસંગે 'માણસ ઉર્ફે લાગણી ઉર્ફે સંબંધ ઉર્ફે...' વાર્તા સંગ્રહને પોંખવાનો એક સમારોહ, શંકરસિંહ રાણા, ચેરમેન મધુર ડેરી, ગાંધીનગરની પ્રેરક ઉપસ્થિતિમાં અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર સાહિત્યસભા અને ગૂર્જર સાહિત્ય પ્રકાશનના સંયુક્ત ઉપક્રમે, તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૦ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે, કલ્પવૃક્ષ લર્નિંગ સેન્ટર (કેપીટીએમ), એ - ૧/૨, ગેઝિયા હૉલની સામે, ક-૫ પાસે, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે, જેમાં શબ્દ સાધકો, ડૉ. કેશુભાઈ દેસાઈ, વરિષ્ઠ સાહિત્યકાર, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને ગૂર્જર સાહિત્ય પ્રકાશનના મનુભાઈ શાહની શુભાશિષ સાથે, અધ્યાપક અજીત મકવાણા વાર્તાવાચિકમ્ કરશે અને જાણીતા નવલકથાકાર, વાર્તાકાર કલ્પેશ પટેલ સૂત્ર ગૂંથળી કરશે. આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા, ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ તથા ગુર્જર સાહિત્ય પ્રકાશનના મનુભાઈ શાહે ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

- muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

# ગાંધી વિચારને ભૂમિગત કરવાનો ગુજરાત વિદ્યાપીઠનો અસ્ખલિત પ્રયાસ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

૨૦૨૦ ના વર્ષના આગમનની છડી પોકારવામાં આવી રહી છે. વિતેલા અનેક વર્ષોના સારાં કે માઠા સંભારણા સાથે નવા વર્ષનું સ્વાગત કરવાનો સમય છે. કાળ એ ગતિશીલ છે. કાળની સાથે તાલ મીલાવવા માટે માનવીએ પણ ગતિશીલતાની વાટ પકડવી પડે છે. મહાત્મા ગાંધીની દોઢસોમી જયંતિની દેશ તેમજ વિદેશોમાં થયેલી ઉજવણીની મધુર સ્મૃતિ સાથે નવા વર્ષમાં પ્રવેશવાનો આ સમય છે. ગાંધી વિચાર માત્ર ક્રિયાકાંડ કે સમારંભો થકી જીવંત રાખી શકાશે નહિ તે સૌની પ્રતિતિ છે. આથી વિચારપૂર્વક ગયા વર્ષની આ ઉજવણીઓનું મૂલ્યાંકન કરવાની જાગૃત સમાજની ફરજ બની રહે છે. જો આવું મૂલ્યાંકન ન થાય તો માત્ર ઉજવણીઓ થકી ગાંધીવિચારને રોપી શકાતો નથી. આવું કામ કેવું હોવું જોઈએ તેમજ તેની પ્રક્રિયા કેવી હોવી જોઈએ તેના ઉદાહરણો વિનોબાજીથી શરૂ કરીને નારાયણભાઈ દેસાઈ સુધીના મળી શકે છે. જયપ્રકાશ નારાયણે પણ જીવનના ઘણાં વર્ષો આવા કાર્યમાં ગાળ્યા. ગાંધી ચીંધ્યા કામો અઘરા હતા તેની સંપૂર્ણ સમજ આ કામ હાથ પર લેનારને હતી. છતાં રવિશંકર મહારાજે કહેવાતી ગુનાખોર જાતિઓ વચ્ચે નિર્ભયતાથી વિચરણ કરીને ગાંધી વિચારની કરણીનો ઉજળો પાયો નાખ્યો. બબલભાઈ કે જુગતરામ દવે ગામડાંઓમાં ગયા અને પોતાના જીવતર હોમી દીધા. જ્યાં નવસર્જનના કામો માટે જવાનો કોઈ વિચાર સુધ્ધા નકરે ત્યાં જવાની હિમ્મત તથા નિર્ણયાત્મકતા મહામના મહારાજે દેખાડી. નવા ચીલા ચાતરવાની તથા જે માર્ગે કોઈ જવાની હિમ્મત ન કરે ત્યાંજ ધસી જવાની ગાંધીની શીખ કેટલાક મરજીવાઓએ પચાવીને નવા પરિણામો સ્થાપિત કર્યા. તેમ કરનારાએ જાત પરના જોખમ વહોરીને ''હરિનો મારગ છે શૂરાનો'' એ વાતને ચરિતાર્થ કરી.


જો સૌએ પાછા જાય !
ઓરે ઓરે ઓ અભાગી !
સૌએ પાછા જાય !
જો રણાંગડે નીસરવા ટાણે
સૌ ખૂણે સંતાય
તો કાંટા રાને તારે
લોહી નીગળતે ચરણે
ભાઈ ! એકલો જાને રે....


જયપ્રકાશજી કે રવિશંકર મહારાજના માર્ગે હિમ્મત તેમજ ધૈર્યથી ધસી જનાર લોકો આજે પણ છે તેની પ્રતિતિ થાય તેવો પ્રસંગ ઓક્ટોબર-૨૦૧૯ માં થયો. કોચરબ આશ્રમમાં ગુજરાત વિદ્યાપીઠના કોન્વોકેશન સમારંભની પૂર્વ સંધ્યાએ એક નાનો પરંતુ ગરીમાપૂર્ણ પ્રસંગ વિદ્યાપીઠ તરફથી યોજવામાં આવ્યો હતો. પદવીદાન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેવાના હતા તેવા દાનવીર ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજી પણ કોચરબ આશ્રમના આ સમારંભમાં હાજર હતા. આ સમારંભમાંજ ભારતી નામની એક કિશોરી કે જે ગ્રામશિલ્પી તરીકે ગ્રામોધ્ધારની પ્રવૃત્તિ પૂરા જોડાણ તથા સમર્પણ ભાવ સાથે કરતી હતી તેણે પોતાના ગ્રામશિલ્પી તરીકેના અનુભવની કેટલીક હેરતભરી વાતો કરી. આ દિકરીની નિર્ભયતા તેમજ નિખાલસતા તેના વક્તવ્યના દરેક શબ્દમાંથી ટપકતી હતી. અનસુયાબેન કે કમળાબેન પટેલનું તેજ આ ઉગતી પેઢીમાં પ્રગટ થાય તે સદ્દભાગ્યની બાબત છે. સામાન્ય રીતે ઝારખંડ રાજ્યના દાંતેવાડા વિસ્તારમાં ગ્રામ ઉત્થાન માટેના પડકારરૂપ કાર્ય માટે જવાની ભાગ્યેજ કોઈ હિમ્મત કરે. નકસલવાદીઓની ગતિવિધિ માટે આ વિસ્તાર જાણીતો છે. આ વિસ્તારના ગ્રામશિલ્પી બહેન ભારતીના અનુભવની વાત સાંભળતાંજ ખ્યાલ આવે કે જેમને સામાન્ય વાતચીતમાં આપણે પછાત કે અબુધ ગણીએ છીએ તેવા આદિવાસી કુટુંબો તેમની જીવનશૈલિમાં અનેક નોંધપાત્ર વિશેષતાઓ ધરાવે છે. દિકરીઓના જન્મનું પ્રમાણ ત્યાં દિકરાઓ કરતાં વધારે છે. દેશના ઘણાં જાગૃત તેમજ કહેવાતા આગળ વધેલા વિસ્તારોમાં આબાબત દાંતેવાડાથી ઉલટી છે. જેથી તે સમાજ તથા સરકારની ચિંતાનો વિષય છે. કુદરતના સાનિધ્યમાં રહીને પ્રાકૃતિક જીવન ગુજારતા આ વનવાસી ભાઈઓ વન સંપદાનું પૂરતી જાગૃતિ તેમજ નિષ્ઠાથી રક્ષણ કરે છે. આ પ્રકારનું નરવું અને ગરવું જીવન જીવતા ભાઈઓની વાતો બહેન ભારતી પાસેથી સાંભળીને ગાંધીબાપુની સાર્ધ શતાબ્દીની વિશેષ અને ગાંધીને ગમે તેવી અર્થપૂર્ણતા લાગી. આજે પણ ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ તેમજ તાલીમ મેળવીને ગ્રામશિલ્પી તરીકે ગામડાઓના પુનઃનિર્માણના કાર્યમાં લાગી જનાર યુવાન – યુવતીઓની એક કેડર છે તે વાત કરતાંજ ગર્વની લાગણી થાય છે. તેઓ ગામડાઓમાંજ રહીને તથા ગામ લોકોનો વિશ્વાસ કેળવીને ગ્રામ સુધારણાનું પાયાનું કામ કરે છે. આવા કામો કાયદા-કાનૂનથી થવા મુશ્કેલ છે તે આપણો અનુભવ છે. રચનાત્મક કામોમાં ગાંધીની શ્રધ્ધા હતી તે વિચારને આગળ ધપાવવાનું આ કાર્ય સમાજે જોવા તેમજ સમજવા જેવું છે. ગુજરાત વિદ્યાપીઠ મારફત થતું આ કામ પ્રશંસાપાત્ર છે.

નવા વર્ષને વધાવીએ ત્યારે દિલમાં ગાંધી વિચારનો દીવો પગટાવવાનો વિચાર કે તેવી સમજ કેળવવા માટેનો એક નાનો પ્રયાસ પણ અંદરની જડતાને દૂર કરવામાં ઉપયોગી થશે. આ માટેના પ્રયાસો બહેન ભારતીના માર્ગે જાતે જ કરવા પડશે. પુસ્તકો તથા અધ્યાપકો પથદર્શન કરાવી શકે પરંતુ પગલાં તો આપણે જ માંડવા પડશે. એકવાર આ શુભ સંકલ્પને પાર પાડવાનો નિર્ણય કરીને પગલાં માંડીએ તો તેના સમર્થનમાં હરિકૃપા હોય જ. આ નિરધાર માટે શુભસ્ય શિઘ્રમ જરૂરી છે. દરેક બાબતમાં જે રાહ તત્કાલ છે તેને જ પસંદ કરવાની વૃત્તિ આ યુગમાં છે. જો એમ હોય તો ગાંધી વિચારને કેન્દ્રસ્થાને રાખી અંદર અજવાળુ કરવાના પ્રયાસ શરૂ કરવામાં પણ વિલંબ હોવો જોઈએ નહીં. કવિગુરુ ટાગોરે અંતર વિકસિત કરવાની માગણી કરુણાનિધાન પાસે કરી છે. કવિગુરુના આ અમરશબ્દો કવિ શ્રી ઉમાશંકર જોશીના અર્થપૂર્ણ અનુવાદથી આપણી ભાષામાં ઉતર્યા છે. આ શબ્દો પણ પ્રકાશ પાથરે તેવા હોવાથી નૂતન વર્ષના પ્રારંભે માણવા જેવા છે.

અંતર મમ વિકસિત કરો અંતરતર હે –
નિર્મલ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે.
જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે.
નંદિતકરો, નંદિત કરો, નંદિત કરો હે.

# એક સમયનો પ્રખર વિરોધી પણ પ્રશંસક બન્યો





**એવડા મોટા માણસનાં પગરખાંમાં પગ ઘાલવાનું મારું ગજું નહીં : સ્મટ્સ**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

વીસમી સદીના પહેલા દાયકાથી લઈને આજે ૨૧મી સદીમાં પણ ગાંધી વિચાર પ્રસ્તુત છે એની પાછળના કારણો સમજવામાં આપણને રસ પડે છે. ગાંધીના શાશ્વત વિચારો આજે પણ પ્રસ્તુત છે એના કારણો સમજવા માટે આપણને ગાંધીના જીવન પ્રસંગો જ સહારો બને છે. ગાંધીજી ૧૯૩૧માં ગોળમેજી પરિષદમાં લંડન ગયા હતા ત્યારે તેમને જે ભારતની આઝાદીના વિરોધી તેવા બ્રિટીશ મુત્સદીઓને મળીને ભારતનો પ્રશ્ન સમજાવવાના પ્રયાસો કર્યા હતા. પરંતુ આ મુત્સદીઓએ ગાંધીને મળવાની જ ના પાડી દીધી હતી. એમાં ચર્ચિલનો પણ સમાવેશ થતો હતો. તેમ છતાં ગાંધીજીએ તેમના રૂબરૂ મળીને પોતાના વિચારો તેમની સમક્ષ મૂકીને સંવાદ સાધવાના યત્ન જારી રાખ્યા હતા.

અને દુશ્મન માનતા હોય એને પણ પ્રેમથી મળવાનો પ્રયાસ એમનો સફળ રહ્યો હતો. એક સમયે દક્ષિણ આફ્રિકાના શાસક અને જેમની સામે જ ગાંધીએ આંદોલન કરીને હંફાવ્યા હતા એ જનરલ સ્મટ્સે તેમને ભાવપૂર્વક પોતાના ઘરે બોલાવ્યા હતા. આ ગાંધીની સંવાદ કળા હતી.

જનરલ સ્મટ્સ દક્ષિણ આફ્રિકાના શાસક હતા ત્યારે એમની સામે જ ગાંધીજીએ લડતો ચલાવેલી અને એમને હંફાવેલા અને એમના હાથે હિંદી કોમ માટે ન્યાય મેળવેલો. ગાંધીજીના પ્રખર વિરોધી સ્મટ્સ ગાંધીજીના પરમ પ્રશંસક અને મિત્ર બની ગયા હતા.

લંડનના પોતાના નિવાસમાં જનરલ સ્મટ્સ ગાંધીજીને એક કબાટ પાસે લઈ ગયા અને તેમને એક વસ્તુ બતાવીને પૂછ્યું : આ શું છે ? કાંઈ યાદ આવે છે ?

ગાંધીજી એ વસ્તુ તરફ જોઈ રહ્યા. ચંપલની જોડી હતી. પોતે છેલ્લી વાર દક્ષિણ આફ્રિકાની જેલમાં જનરલ સ્મટ્સના કેદી હતા ત્યારે પોતાને હાથે એ જોડ બનાવેલી અને એમને ભેટ મોકલેલી.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં જેલ મળી ત્યારે તેઓ બૅરિસ્ટર હોવા છતાં અને એમનો વર્તાવ અત્યંત વિવેકી હોવા છતાં એમની પ્રત્યેનું સરકારનું વર્તન સારું ન હતું. શરુઆતમાં જેલમાં એમને નાનકડી સાંકડી ખોલીમાં પૂરવામાં આવ્યા હતા. ઉપર ઊંચે એક જાળિયામાંથી થોડું અજવાઓળું આવે એ જ. બેસવાનું સ્ટૂલ પણ ન હતું. ઊભા રહીને તે વાંચતા. મજૂરીનાં કામો પણ બધાં ચુસ્ત નિયમપાલનથી કરતાં. જેલમાંથી બીજે લઈ જાય ત્યારે હાથકડી પહેરાવે તે પણ સહી લેતા. પાયખાનાં અનુકૂળ ન હતાં. ખોરાકની તકલીફ હતી. ગાંધીજી સાથી હિંદી કેદીઓની વધારે સગવડ લેવા ઈચ્છતા પણ નહીં. ધીમે ધીમે શક્ય તેટલા ફેરફાર તેમને કરાવ્યા પણ ખરા. પણ આરંભમાં તો એમને પણ થોડી વાર જેલ વસમી લાગી. પણ એ ભાવ ખંખેરી નાખ્યો. જનરલ સ્મટ્સ આ રીતે મને નમાવવા માંગતા હોય તો તેમ બનનાર નથી એવો અવાજ પણ એમના અંતરમાંથી ઊઠ્યો.

તેઓ ૧૯૧૪ સુધીમાં જેલમાં ઘણી વાર જઈ આવ્યા હતા.

છેલ્લી વાર જેલમાં હતા ત્યારે એમને પોતાના હાથે ચંપલનીએક જોડ બનાવી અને છૂટ્યા પછી પોતાના 'વિરોધી' જનરલ સ્મટ્સને મિસ સોન્યા શ્લેશિન દ્વારા ભેટ તરીકે પહોંચાડી.

જનરલ સ્મટ્સ પછીથી લખે છે કે એ જોડી મેં કેટલાય ઉનાળામાં પહેરી છે, જો કે મને દરેક વખતે એમ લાગ્યા કરતું કે એવડા મોટા માણસનાં પગરખાંમાં પગ ઘાલવાનું મારું ગજું ન ગમાય.

એક સમયે 'બ્રિટીશ સામ્રાજયના સૌથી શાણા પુરુષ' લેખાયેલા જનરલ સ્મટ્સનું આ વિધાન ગાંધી વિશે ઘણું કહી જાય છે.